# પેટ્રોલમાં રૂપિયા ૨.૩૫ અને ડીઝલમાં ૫૦ પૈસાનો વધારો



નવી દિલ્હી,તા. ૩૧

તીવ્ર મોંઘવારીનો સામનો કરી રહેલા સામાન્ય લોકો પર આજે વધુ બોજ ઝીંકી દેવામાં આવ્યો હતો. પેટ્રોલની કિંમતમાં લીટરદીઠ ૨.૩૫ અને ડિઝલની કિંમતમાં લીટરદીઠ ૫૦ પૈસાનો વધારો વેટ અને સેલ્સટેક્સ સિવાયનો ઝીંકી દેવામાં આવ્યો હતો આની સાથે જ ગુજરાત સહિત જુદા જુદા રાજ્યોમાં પેટ્રોલ અને ડિઝલની કિંમતમાં આના કરતા પણ વધારો સામાન્ય લોકો પર અમલી બનશે. ગુજરાતમાં પેટ્રોલમાં ૬૦ પૈસાના વેટ સાથે આ વધારો લીટરદીઠ ૨.૯૫ થયો છે. જ્યારે ડિઝલમાં ૬૩ પૈસાના વેટને ગણવામાં આવે તો ડિઝલની કિંમતમાં વધારો ગુજરાતના શહેરોમાં લીટરદીઠ ૬૩ પૈસાનો રહેશે. અમદાવાદમાં પેટ્રોલનો નવો ભાવ વધીને ૭૭.૯૨ થઈ ગયો છે જ્યારે ડિઝલની કિમત વધીને ૫૭.૬૪ થઈ ગઈ છે. આ વધારો તાત્કાલિક ધોરણે અમલી બનાવવામાં આવ્યો છે. ડોલર સામે રૂપિયાની કિંમતમાં તાજેતરમાં જ ધોવાણની સ્થિતિ જોવા મળી રહી હતી. ઓઈલ કંપનીઓએ આજે તમામ પાસાઓને ધ્યાનમાં લઈને પેટ્રોલ અને ડિઝલની કિંમતમાં વધારો કર્યો હતો જો કે એલપીજીની કિંમતમાં હાલ કોઈ વધારો કરવામાં આવ્યો નથી. પેટ્રોલિયમ પ્રધાન એમ વિરપ્પા મોઈલીએ ગઈકાલે ઓઈલ કિમતોમાં વધી રહેલા વધારા સાથે સાથે રૂપિયામાં થતા ઘટાડાના કારણે નુકસાનનો આંકડો રેકોર્ડ ૧૮૦૦૦૦ કરોડ સુધી પહોંચી ગયો છે. આને કાબૂમાં લેવા પગલા લેવાની રજુઆત થઈ હતી. મોઈલી ગુરુવારના દિવસે નાણાં પ્રધાન પી ચિદમ્બરમને મળ્યા હતા. મોઈલીએ ૩૦મી ઓગસ્ટના દિવસે વડાપ્રધાનને પત્ર લખીને કહ્યુ હતુ કે ભાવવધારો નહીં કરાય તો સરકારને વધારે મુશ્કેલીનો સામનો કરવો પડશે. ડિઝલ અને રાંધણ ગેસ પર વધુ સબસિડી ચૂકવવાની ફરજ પડશે. આંતરરાષ્ટ્રીય તેલ કિંમતોમાં તેજીના લીધે આજે ભાવ વધારો કરવામાં આવ્યો છે. ત્રણ મહિનાની અંદર છઠ્ઠી વખત પેટ્રોલની કિમતમાં વધારો કરાયો છે. લોકલ સેલ્સટેક્સ અથવા વેટને બાદ કરતા આ વધારો જુદા પ્રકારનો છે. દિલ્હીમાં પેટ્રોલની કિંમત ૨.૮૩ રૂપિયા વધીને ૭૪.૧૦ થઈ ગઈ છે જ્યારે મુંબઈમાં કિંમત વધીને ૮૧.૫૭ થઈ ગઈ છે. જૂન બાદથી છઠ્ઠી વખત વધારો ઝીંકવામાં આવ્યો છે. પહેલી જૂન બાદથી રાજ્યના ટેક્સ સહિત પેટ્રોલની કિંમતમાં ૧૧ રૂપિયાનો વધારો થયો છે. ઓઈલ કંપનીઓને તાજેતરમાં જ નાનકડા ડોઝમાં ભાવ વધારો કરવાની મંજુરી આપવામાં આવી હતી. દિલ્હીમાં ડિઝલની કિંમતમાં ૫૭ પૈસાનો વધારો ગણાશે જ્યારે મુંબઈમાં કિંમત ૫૮.૮૬ રહેશે. ૧૭મી જાન્યુઆરી બાદ આઠમી વખત આ વધારો કરાયો છે. ઓઈલ કંપનીઓએ પહેલી જુનના દિવસે ૭૫ પૈસાનો વેટ સિવાયનો વધારો પેટ્રોલમાં કર્યો હતો.

## ભારતમાં વર્તમાન સિઝનમાં ૧૧ ટકા વધારે વરસાદ થયો

પૂણે,તા. ૩૧

ભારતમાં આ વર્ષે ખૂબ સારો વરસાદ થયો છે. ભારતમાં વર્તમાન સિઝનમાં હજુ સુધી ૧૧ ટકા વધારાનો વરસાદ નોંધાઈ ચૂક્યો છે. સામાન્ય કરતા વધુ વરસાદ નોંધાતા ખેડૂતો અને સરકાર માટે પણ ખૂબ રાહતજનક બાબત છે. ભારતીય હવામાન વિભાગ દ્વારા જણાવવામાં આવ્યું છે કે જુલાઈના અંત સુધી સ્થિતિ એવી હતી કે ખૂબ વધારે વરસાદ થશે પરંતુ છેલ્લા થોડાક દિવસોથી વરસાદનું પ્રમાણ એકદમ ઘટી ગયું છે છતાં પણ આ સિઝનમાં હજુ સુધી ૧૧ ટકા વધારે વરસાદ ભારતમાં નોંધાઈ ચૂક્યો છે. ઘણી ચીજવસ્તુના ભાવ ઉપર પણ સીધી અસર થશે. ભારતીય હવામાન વિભાગના વરિષ્ઠ અધિકારીઓનું




કહેવું છે કે દેશના મોટાભાગના વિસ્તારોમાં વરસાદ થઈ ચૂક્યો છે પંરતુ વરસાદની તીવ્રતા હાલના દિવસોમાં ઘટી ગઈ છે. દેશના ૮૭ ટકા ભૌગોલિક વિસ્તારમાં વધારેથી સામાન્ય વરસાદ થઈ ચૂક્યો છે. જ્યારે બાકીના ૧૩ ટકા વિસ્તારમાં અછતની સ્થિતિ રહેલી છે. આંકડા દર્શાવે છે કે ૧લી જૂનથી ૩૦મી ઓગસ્ટ વચ્ચેના ગાળામાં કુલ ૭૮૧.૩ મિમી વરસાદ નોંધાઈ ચૂક્યો છે જે આ જ ગાળામાં ૭૦૬.૭ મિમીના સામાન્ય વરસાદ કરતા ૭૪.૬ મિમી વધારે વરસાદ છે. પૂર્વ અને ઉત્તર પૂર્વ ભારતમાં ૨૯ ટકા ઓછો વરસાદ નોંધાયો છે જ્યારે ઉત્તર પશ્ચિમ, મધ્ય અને દક્ષિણ ભારતમાં ક્રમશ ૨૧, ૨૯ અને ૧૬ ટકા વધારે વરસાદ નોંધાયો છે. દેશના ૮૭ ટકા ભૌગોલિક વિસ્તારમાં સારો વરસાદ નોંધાયો છે. પૂર્વ અને ઉત્તરુ પૂર્વીય રાજ્યોમાં વરસાદ ઓછો થયો છે. આઈએમડીના આંકડા દર્શાવે છે કે વરસાદની તીવ્રતામાં હવે ઘટાડો થયો છે. ૨૨-૨૮મી ઓગસ્ટ વચ્ચેના ગાળામાં બે લોપ્રેશર વિસ્તાર હતા જેના લીધે મધ્ય પ્રદેશ, ઝારખંડ અને પશ્ચિમ બંગાળમાં ભારે વરસાદ થયો હતો.

## દિલ્હી ગેંગ રેપ કેસના બનાવના નવ મહિના બાદ અપરાધી જાહેર

નવી દિલ્હી,તા. ૩૧

સમગ્ર દેશને હચમચાવી મુકનાર દિલ્હી ગેંગ રેપ કેસના બનાવના આશરે નવ મહિના બાદ જુએનાઈલ જસ્ટિસ બોર્ડે આજે તેનો ચુકાદો જાહેર કર્યો હતો અને જુએનાઈલને અપરાધી ઠેરવ્યો હતો. જુએનાઈલ અથવા તો કિશોર શખ્સ બળાત્કાર અને હત્યામાં દોષિત જાહેર કરવામાં આવ્યો છે. પેરા મેડિકલની વિદ્યાર્થિની પર ગેંગ રેપના મામલામાં ભાગ લેવાના મામલામાં ટિનેજર દોષિત જાહેર થયો છે. તેના વકીલે પણ આ મુજબની કબૂલાત કરી છે. તેને ત્રણ વર્ષ માટે કરેક્શનલ હોમ અથવા તો સુધારાગૃહમાં મોકલી દેવામાં આવ્યો છે. જુએનાઈલ જસ્ટિસ એક્ટ હેઠળ એક શખ્સને સુધારાગૃહમાં મહત્તમ ત્રણ વર્ષ સુધી રાખવાની જોગવાઈ છે. આ બનાવને લઈને દેશભરમાં આક્રોશનું મોજુ ફરી વળ્યુ હતુ. આ બનાવ બાદ જુએનાઈલને અપરાધી ઠેરવવાની વયના મામલામાં સુધારો કરવાની પણ રજુઆત કરવામાં આવી હતી. જુએનાઈલની વય ૧૮થી ઘટાડીને ૧૬ કરવાની ઉગ્ર માંગ કરવામાં આવી હતી. ગેંગ રેપના મામલામાં જુએનાઈલ આ બનાવમાં ૧૮ વર્ષની વયની બિલકુલ નજીક પહોંચી રહ્યો



છે તેવી વાત સપાટી પર આવ્યા બાદ તેને કુખ્યાત અપરાધીઓમાં આવરી લેવાની રજુઆત થઈ હતી. ટ્રાયલ દરમિયાન આ બનાવની જોરદાર નોંધ લેવાઈ હતી. કેટલીક વખતે પુખ્ત વયના હોવાની પણ દલીલ કરવામાં આવી હતી. ગેંગ રેપમાં જુએનાઈલને ત્રણ વર્ષની સજા થતા સામાન્ય લોકોમાં નારાજગીનું મોજુ ફરી વળ્યુ છે. તેને વધુ કઠોર સજા કરવાની માંગણી ઉઠી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે ગયા વર્ષે ૧૬મી ડિસેમ્બરના દિવસે દિલ્હીમાં ચાલતી બસમાં ગેંગરેપ કરવામાં આવ્યો હતો. આરોપી શખ્સને દોષિત જાહેર કરીને ત્રણ વર્ષની સજા આજે કરવામાં આવી છે. આજે આપવામાં આવેલા ચુકાદામાં બોર્ડે કહ્યુ છે કે કિશોર શખ્સ પર મુકવામાં આવેલા તમામ આક્ષેપો સાચા છે. કિશોર પર હત્યા અને ગેંગરેપ સહિત ૧૫ કલમો મુકવામાં આવી હતી જે પૈકી ૧૨માં તે દોષિત જાહેર કરાયો છે. દરમિયાનમાં બચાવ પક્ષના વકીલ રાજેશ તિવારીએ કહ્યુ હતુકે બોર્ડ આ મામલામાં ફરી સમિક્ષા કરશે અને જો લાગશે તો સજા ઓછી પણ કરવામાં આવી શકે છે. જે દિવસથી તેને બાળ સુધાર ગૃહમાં મોકલવામાં આવશે તે દિવસથી સજાની શરૂઆત ગણાશે. અત્રે ઉલ્લેખનીય છે કે આ મામલામાં પોલીસે ત્રીજી જાન્યુઆરીના દિવસે છ અપરાધીઓની સામે ચાર્જશીટ દાખલ કરી હતી જેમાં તમામ ગંભીર પ્રકારના આક્ષેપો મુકયા હતા. આઈપીસીની તમામ ગંભીર કલમો હેઠળ આરોપી તરીકે દર્શાવવામાં આવ્યા હતા. આ બળાત્કારના મામલામાં એકને કિશોર જાહેર કરાયો હતો. અત્રે ઉલ્લેખનીય છેકે આ બનાવ બાદ દેશભરમાં આક્રોષનું મોજુ ફરી વળ્યુ હતુ જેથી સરકારને પણ ઘણા બધા કાયદાઓમાં અને કલમોમાં સુધારા કરવાની દિશામાં આગળ વધવાની ફરજ પડી હતી. સુરક્ષા વ્યવસ્થા વધારવાની ફરજ પડી હતી. મહિલાઓને વધુ સુરક્ષા આપવાનો મુદ્દો સપાટી પર આવ્યો હતો. બળાત્કારનો શિકાર થયેલી યુવતિ થોડાક દિવસ સુધી સારવાર હેઠળ રહ્યા બાદ તેની હાલત ગંભીર બનતા તેને સિંગાપોરની હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી જ્યાં તેનું મૃત્યુ થયુ હતુ.

## દિગ્વિજયસિંહના કાફલા પર હુમલો કરાતા ચકચાર

ધાર,તા. ૩૧

મધ્ય પ્રદેશના ધાર જિલ્લામાં કુક્ષીમાં કોંગ્રેસ મહાસચિવ દિગ્વિજયસિંહ અને અન્ય નેતાઓના વાહનોના કાફલા ઉપર ભાજપ અને તેની સાથે સંકળાયેલા સંગઠનોના કાર્યકરોએ હુમલો કર્યો હોવાનું જાણવા મળ્યું છે. જો કે તમામ નેતાઓ સુરક્ષિત હોવાનું જાણવા મળ્યું છે. કોંગ્રેસ પાર્ટીના સૂત્રોએ કહ્યું છે કે દિગ્વિજયસિંહ અને વિપક્ષના નેતા અજયસિંહ અન્ય નેતાઓની સાથે અલીરાજપુર જિલ્લાના જોબટથી ઈન્દોર તરફ જઈ રહ્યા હતા. મોડી રાત્રે કુક્ષીમાં ભાજપ કચેરી નજીક કેટલાક કાર્યકરોએ તેમને રોક્યા હતા અને તેમના કાફલા ઉપર હુમલો કર્યો હતો. ધાર જિલ્લાના કોંગ્રેસ અધ્યક્ષ બાલમુકુંદસિંહ ગૌતમે કહ્યું છે કે અનેક કાર્યકરોના કાફલામાં સામેલ કેટલાક કારને નુકસાન પહોંચાડવામાં આવ્યું હતું. પથ્થરમારો ચલાવવામાં આવ્યો હતો. દિગ્વિજયસિંહના વાહનને પણ ટાર્ગેટ બનાવી પથ્થરમારો કર્યો હતો જેથી કારના કાચ તૂટી ગયા હતા. જો કે ભાજપે આ સંબંધમાં કોઈ પ્રતિક્રિયા આપી નથી.

## દિલ્હીમાં વેશ્યાવૃત્તિના મોટા નેટવર્કનો પર્દાફાશ

નવી દિલ્હી,તા. ૩૧

મધ્ય દિલ્હીના જીબી રોડ ઉપર વેશ્યાવૃત્તિના એક મોટા નેટવર્કનો પર્દાફાશ કરવામાં આવ્યો છે. અહીંથી ચાર યુવતીઓને મુક્ત કરાવવામાં પોલીસને સફળતા હાથ લાગી છે. આ યુવતીને દિલ્હીમાં નોકરી આપવાની લાલચ આપીને લાવવામાં આવી હતી. જેબી રોડના વેશ્યાલયમાં આ યુવતીને વેચી દેવામાં આવી હતી. પોલીસે કહ્યું છે કે આ ચાર યુવતીઓ ૨૬થી ૩૦ વર્ષની વયગ્રૂપની છે. આ તમામને આંધ્રપ્રદેશ, પશ્ચિમ બંગાળ, મહારાષ્ટ્રમાંથી લાવવામાં આવી હતી. ચોક્કસ બાતમી મળ્યા બાદ પોલીસને આમા સફળતા મળી છે. પોલીસ અધિકારીએ કહ્યું છે કે તેમને નોકરીની લાલચ આપી અહીં લાવવામાં આવી હતી. પરિવારનો સંપર્ક કરવામાં આવ્યા બાદ તેમના પરિવારને સોંપવાની હિલચાલ ચાલી રહી છે. આમાથી બે યુવતીઓને આશરે બે વર્ષ પહેલા આંધ્રપ્રદેશથી લાવવામાં આવી હતી. એકને એક વર્ષ પહેલા બંગાળમાંથી લાવવામાં અવી હતી જ્યારે ચોથી યુવતીને સપ્તાહ પહેલા મહારાષ્ટ્રના સોલાપુરથી લવાઈ હતી. આ યુવતીઓને મુક્ત કરાવવામાં આવ્યા બાદ પોલીસે પોતાની રીતે કાર્યવાહી હાથ ધરી છે.

## સીરિયા વિરુદ્ધ મર્યાદિત લશ્કરી કાર્યવાહીનો તખ્તો આખરે તૈયાર

વોશિંગ્ટન,તા. ૩૧

અમેરિકાના પ્રમુખ બરાક ઓબામાએ કહ્યુ છે કે અમેરિકા સીરિયા સામે મર્યાદિત કાર્યવાહી કરવાના વિકલ્પ પર ગંભીરતાપૂર્વક વિચારી રહ્યુ છે જો કે અમેરિકી કોંગ્રેસમાં પગલાને લઈને મતભેદ દેખાઈ રહ્યા છે. સીરિયા સામે લશ્કરી કાર્યવાહી ન કરવા અમેરિકામાં ઘણા સમુદાયના લોકો રજુઆત કરવા પણ મેદાનમાં આવી ગયા છે. બરાક ઓબામાએ કહ્યુ છે કે સીરિયા સામે મર્યાદિત લશ્કરી કાર્યવાહીનો વિકલ્પ ખુલ્લો છે જો કે હજુ સુધી અંતિમ નિર્ણય કરવામાં આવ્યો નથી. ઓબામાએ આ અંગેનો સંકેત આપ્યા બાદ એવું જાણવા મળી રહ્યુ છે કે સીરિયા સામે કોઈ પણ સમયે કાર્યવાહી હવે શરૂ થશે. બીજી બાજુ એક મહત્વપૂર્ણ ઘટનાક્રમમાં સંયુક્ત રાષ્ટ્રના નિરિક્ષકો પણ સીરિયામાંથી નીકળી ચુક્યા છે જેથી સંભવિત કાર્યવાહીનો માર્ગ મોકળો થયો છે. ઓબામાએ કહ્યુ છે કે અંતિમ નિર્ણય બસર અલ અસાદના શાસન સામે લશ્કરી કાર્યવાહીનો કરવામાં આવ્યો નથી પરંતુ સીરિયા સામે લશ્કરી કાર્યવાહી નિશ્ચિત બની છે તે અંગેની સંકેત તેઓએ આપી દીધા છે. અમેરિકાએ હાલમાં જ એક ઈન્ટેલિજન્સ રિપોર્ટ જારી કર્યો છે જેમાં દાવો કરવામાં આવ્યો છે કે સીરિયામાં બસર અલ અસાદ શાસને ગયા સપ્તાહમાં દમાસ્કમાં રાસાયણીક હુમલા કર્યા હતા જેમાં ૧૪૨૯ લોકોના મોત થઈ ગયા છે જેમાં ૪૨૬ બાળકોનો પણ સમાવેશ થાય છે. વ્હાઈટ હાઉસમાં પત્રકારો સાથે વાતચીત કરતા ઓબામાએ કહ્યુ હતુ કે આ પ્રકારના હુમલા સમગ્ર વિશ્વ માટે પડકારરૂપ છે. અમે એવા



વિશ્વને ક્યારેય સ્વીકારીશુ નહીં જ્યાં બાળકો અને મહિલાઓ પર આ પ્રકારનો અત્યાચાર થઈ રહ્યો છે. ઓબામાએ એમ પણ કહ્યુ હતુ કે ઘણા બધા વિકલ્પો પર વિચારણા ચાલી રહી છે જો કે તેઓએ લાંબા ગાળાની લશ્કરી કાર્યવાહીની શક્યતાને નકારી કાઢી છે. ફ્રાંસે પણ અમેરિકાની કાર્યવાહીને ટેકો આપી દીધો છે. અત્રે ઉલ્લેખનીય છે કે સીરિયા પર હુમલાના લીધે સમગ્ર વિશ્વના દેશો હાલમાં ચિંતિત દેખાઈ રહ્યા છે. અમેરિકી કોંગ્રસમાં પણ મતભેદની સ્થિતિ છે કારણ કે આ ખૂબ મોટુ ડિસિજન હોઈ શકે છે. એક બાજુ અમેરિકામાં મંદી સંપૂર્ણપણે દૂર થઈ નથી આવી સ્થિતિમાં કોઈ પણ કાર્યવાહી અમેરિકાને વધુ મંદી તરફ ખેંચી જશે. ભારત પર પણ આની સીધી અસર થશે. ભારતના વડાપ્રધાન મનમોહનસિંહ ગઈકાલે જ સંસદમાં કહી ચુક્યા છે કે સીરિયા સામે લશ્કરી કાર્યવાહીના ખતરાની પેટ્રોલિયમ પેદાશો પર સીધી અસર થઈ રહી છે. જો હુમલા શરૂ થશે તો પેટ્રોલિયમ પેદાશોની કિંમતમાં તીવ્ર વધારો થશે અને વિશ્વના દેશોને આના પરિણામો માટે તૈયાર રહેવું પડશે. અમેરિકી કોંગ્રેસમાં ઘણા સાંસદો માની રહ્યા છે કે હાલમાં સીરિયા સામે લશ્કરી કાર્યવાહી માટે યોગ્ય સમય નથી. ઓબામા અનેવિદેશ પ્રધાન જોન કેરી વચ્ચે પણ સિરિયામાં લશ્કરી કાર્યવાહીને લઈને મતભેદની સ્થિતી છે. અમેરિકી સેનેટની સમિતીના અધ્યક્ષ કાર્લ લેવિને કહ્યું છે કે અમેરિકાને સંયુકત રાષ્ટ્રના નિરીક્ષકો તેમની કામગીરી પૂર્ણ ન કરે ત્યાં સુધી કોઈ લશ્કરી કાર્યવાહી કરવી જોઈએ નહી. કારણ કે કેટલાક નક્કર પુરાવા હજુ શોધી કાઢવાની જરૂર છે. લેવિન કહ્યું હતું કે જો હુમલામાં અરબ દેશો સહિત વધારે દેશોનો ટેકો મળશે નહી તો તેની અસર આછી થઈ જશે.

## છેલ્લા ૫ વર્ષમાં થયેલા બધા બ્લાસ્ટમાં યાસીનની ભૂમિકા

નવી દિલ્હી,તા. ૩૧

તાજેતરમાં જ ઝડપાયેલા ઈન્ડિયન મુજાહીદીનના સહ સ્થાપક અને ખતરનાક આતંકવાદી યાસીન ભટકલે બોધગયામાં ૭મી જુલાઈના દિવસે થયેલા સિરિયલ બોમ્બ બ્લાસ્ટ સિવાય છેલ્લા પાંચ વર્ષમાં થયેલા મોટાભાગના બ્લાસ્ટમાં તેની ભૂમિકા હોવાની ચોંકાવનારી કબૂલાત કરી છે. યાસીન ભટકલ બોમ્બ બનાવવામાં અને બોમ્બ પ્લાન્ટ કરવામાં નિષ્ણાંત તરીકે રહ્યો છે. સુરત અને અમદાવાદના બ્લાસ્ટમાં પણ તેની ભૂમિકા હોવાની બાબત પહેલાથી જ ખૂલી ચૂકી છે. યાસીનો હૈદરાબાદના દિલસુખનગરમાં ૨૦૧૩માં થયેલા બ્લાસ્ટ, વર્ષ ૨૦૧૧માં મુંબઈમાં થયેલા સિરિયલ બ્લાસ્ટ, પૂણે જર્મન બેકરીમાં ૨૦૧૦માં થયેલા બ્લાસ્ટમાં ભૂમિકા હોવાની વાત કબૂલી લીધી છે. આ ઉપરાંત દિલ્હીમાં ૨૦૦૮માં થયેલા બ્લાસ્ટ, જામા મસ્જિદ નજીક ૨૦૧૦માં થયેલા બ્લાસ્ટ અને ગોળીબારમાં પણ તેની સંડોવણી હોવાની યાસીને કબૂલાત કરી છે. જો કે યાસીને બોધગયા બ્લાસ્ટ સાથે કોઈ કનેકશન હોવાનો ઈન્કાર કર્યો છે. ધડાકાના એક વર્ષ પહેલાં આ પવિત્ર સ્થળની રેકી કરી હોવાનું




કર્યું હતું પરંતુ આમા સંડોવણી હોવાનો ઈન્કાર કર્યો છે. એનઆઈએના અધિકારીએ માહિતી આપતા કહ્યું હતું કે હજુ પણ ઘણી બધી વિગત સપાટી ઉપર આવી શકે છે. તેની ભૂમિકા હોવાના ઈન્કાર અથવા તેની કબૂલાતથી એ મતલબ નથી કે આઈએમ કોઈ બ્લાસ્ટમાં સામેલ છે કે નહીં. અમે યાસીન ભટકલ જે વાત કરી રહ્યો છે તેના ઉપર આધારિત રહેવા ઈચ્છુક નથી પરંતુ એકત્રિત પુરાવા તેના નિવેદનને ટેકો આપે છે. અધિકારીઓ તેની આકરી પૂછપરછ કરી રહ્યા છે. યાસીન ભટકલ જેહાદમાં માનનાર શખસ છે. તેની આસપાસની દરેક બાબત પર શંકા રાખતો શખસ છે. ખોરાકી ઝેરની દહેશત પણ તેને છતાવી રહી છે જેથી કોઈપણ વસ્તુ તે ખાતો નથી. પૂછપરછ કરનાર અધિકારીઓએ વધુ વિગત એકત્રિત કરવા પૂછપરછનો સિલસિલો જારી રાખ્યો છે. ઓફિસરે કહ્યું છે કે તેના કૃત્યો સાબિત કરે છે કે તે ઘણા બ્લાસ્ટમાં સીધી રીતે સંડોવાયેલો રહ્યો છે. હૈદરાબાદ, મુંબઈ અને પૂણે બ્લાસ્ટમાં તે પોતાની કબૂલાત કરી ચૂકયો છે. આ શખસ પાકિસ્તાનના મોટા ભાગ તરીકે ભારતને બનાવવાની યોજના ધરાવતો હતો. તપાસ સંસ્થાઓ જર્મન બેકરી બ્લાસ્ટ કેસ અને દિલસુખનગર બ્લાસ્ટના મામલામાં સીસી ટીવીમાં પણ તપાસ કરી ચૂકી છે.

## તંગધાર સેક્ટરમાં વધુ ૫ આતંકવાદીઓ મોતને ઘાટ

શ્રીનગર,તા. ૩૧

જમ્મુ કાશ્મીરમાં આતંકવાદીઓએ મોટાપાયે ઘૂસણખોરી વધારી દીધા હોવાના અહેવાલ મળ્યા છે. આજે અંકુશ રેખા ઉપર તંગધાર સેક્ટરમાં ભારતીય સેનાના જવાનોએ વધુ પાંચ આંતકવાદીઓને મોતને ઘાટ ઉતારી દીધા હતા. ભારતીય સેનાએ છેલ્લા ૨૪ કલાકમાં બીજું સફળ મોટું ઓપરેશન પાર પાડ્યું છે. શ્રીનગરથી આશરે ૧૮૫ કિલોમીટરના અંતરે સ્થિત કુપવારા જિલ્લામાં તંગધાર સેકટરમાં અંકુશરેખા નજીક આતંકવાદીઓની ટોળકીની હિલચાલ નિહાળવામાં આવ્યા બાદ સૈનિકોએ મોરચા સંભાળી લીધા હતા અને કાર્યવાહી હાથ ધરી હતી. સેનાના અધિકારીઓએ માહિતી આપતા કહ્યુ છે કે શરણાગતિ સ્વીકારવા ઘૂસણખોરોને પડકાર ફેંકાતા ગોળીબાર કરાયો હતો જેને લઈને બંને પક્ષો વચ્ચે સામસામે ગોળીબાર થયો હતો. હજુ પણ કોમ્બિંગ ઓપરેશન ચાલી રહ્યુ હોવાના અહેવાલ મળ્યા છે. મળેલી માહિતી મુજબ છ આતંકવાદીઓની ટોળકી હતી.

## યુએસ ઓપન ટેનિસ ચેમ્પિયનશીપમાં સ્ટાર ખેલાડીઓની આગેકૂચ જારી

ન્યૂયોર્ક,તા. ૩૧

વર્ષની અંતિમ ગ્રાન્ડસ્લેમ યુએસ ઓપન ટેનિસ ચેમ્પિયનશીપ હવે દિનપ્રતિદિન રોમાંચક તબક્કામાં પ્રવેશી રહી છે. સેરેના વિલિયમ્સ ચોથા રાઉન્ડમાં પહોંચી ગયા બાદ તેને હવે ઓસ્ટ્રેલિયન ઓપનમાં મળેલી હારનો બદલો લેવા તક રહેલી છે. આવતીકાલે રવિવારના દિવસે સેરેના વિલિયમ્સ સ્લોઆન સ્ટેફેન્સ સામે ટકરાશે. ઓસ્ટ્રેલિયન ઓપનમાં તે તેની સામે હારી ગઈ હતી. હવે તેને અહીં જીત મેળવીને બદલો લેવાની તક રહેલી છે. મેલબોર્નમાં ૧૬ વખતની ગ્રાન્ડસ્લેમ ચેમ્પિયનને હાર મળી હતી. સેરેના



વિલિયમ્સ ત્રીજા રાઉન્ડમાં પોતાની હરીફ ખેલાડી યરોસલાવા ઉપર ૬-૩, ૬-૧થી જીત મેળવીને આગામી રાઉન્ડમાં પહોંચી ગઈ છે. આગેકૂચ કરનાર અન્ય ખેલાડીઓમાં હેવીટ, એન્ડી મરે, જોકોવીક, ચીનની લીનાનો સમાવેશ થાય છે. હેવીટે ડેલપોટ્રો ઉપર જીત મેળવીને મોટો અપસેટ સર્જ્યો હતો. મહિલાઓના વર્ગમાં રડવાન્સાકા પણ આગામી રાઉન્ડમાં પહોંચી ગઈ છે. અન્ય સ્ટાર ખેલાડીઓની આગેકૂચ જારી રહી છે. દરમિયાન ચીનની પાંચમી ક્રમાંકિત ખેલાડી લી નાએ ચોથા રાઉન્ડમાં કૂચ કરી લીધી છે. બ્રિટનની ટીનેજ ખેલાડી રોબ્સન ઉપર ૬-૨, ૭-૫થી સીધા સેટોમાં જીત મેળવી હતી. જો કે પુરુષોના વર્ગમાં હેવીટે સૌથી મોટો અપસેટ સર્જ્યો હતો. હેવીટે આર્જેન્ટીનાના છઠ્ઠા ક્રમાંકિત ખેલાડી અને વર્ષ ૨૦૦૯માં વિજેતા બનેલા ડેલપોટ્રો ઉપર પાંચ સેટોમાં જીત મેળવી હતી. ૩૨ વર્ષીય હેવીટે લાંબાગાળા બાદ સાનદાર દેખાવ કર્યો હતો. હેવીટ પણ વર્ષ ૨૦૦૧માં ચેમ્પિયન બની ચૂક્યો છે. પોતાની ૧૩મી યુએસ ઓપનમાં રમી રહેલા હેવીટે ૧૯૯૯માં એન્ટ્રી કરી હતી.

## સમાચાર ઝલક

- મધ્યપ્રદેશમાં દિગ્વિજયસિંહના કાફલા સામે પ્રદર્શન અને હુમલો.
- એશિયાઇ કપ હોકીની ફાઇનલમાં ભારત પહોંચ્યું.
- આસારામના ટેકેદારોએ પ્રેસ મીડિયાકર્મી પર હુમલો કર્યો, ચારેતરફથી વિરોધ.
- 'કોન બનેગા કરોડપતિ'ના કાર્યક્રમથી મારી રાહ બદલાઇ ગઇ : અમિતાભ બચ્ચન.
- ઓમપુરીને વિદેશમાં શુટીંગ પર જવા કોર્ટે મંજુરી આપી.
- ડેન્ગ્યુ, ચીકનગુનિયા, મેલેરિયા તથા વાઇરસથી દેશભરમાં રોગચાળો ફેલાયો.
- અમદાવાદની ૪ હોસ્પિટલોમાં સ્વચ્છતા બાબતે દંડ ફટકારાયો.
- ભરૂચના ભાગકોટ ઓવારામાં ૩ યુવાનો તણાયા.
- અમદાવાદની જાણીતી શાળામાં સ્વચ્છતાના અભાવે મચ્છરોનાં બ્રીડીંગ મળ્યા.
- ડીસામાં ટ્રીપલ અકસ્માતમાં પોલી, કર્મીઓને ઇજા.
- નોઇડામાં બળાત્કાર મામલામાં પોલીસ કર્મચારીઓની સંડોવણી, પાંચ વ્યક્તિઓ સામે આરોપો.
- પેટ્રોલ-ડીઝલમાં ભાવવધારાની શક્યતા.
- પાકિસ્તાનમાં મોટી દુર્ઘટના ટળી.
- એચ.ડી.એફ.સી. બેંક નવી ૩૦૦ શાખા શરૂ કરશે.
- ચીનમાં ૪ તીવ્રતાનો ભૂકંપના આંચકા નોંધાયા.
- અહિંસા સંદેશ કાર્યક્રમનો સોનિયા ગાંધીના હસ્તે પ્રારંભ કરાયો.
- દુષ્કર્મના બનાવો અંગે ઝારખંડ હાઇકોર્ટનું કડક વલણ.
- ગોરખાલેન્ડની માગણી માટે દાર્જિલિંગ સજ્જડ બંધ.